# કામ એ જ પૂજા



મોહન રોજ ગાયો ચરાવવા જાય. એકવાર તેને ફરવા જવાનું મન થયું. કોઇ ભાઇબંધની શોધમાં તે નીકળી પડ્યો. એવામાં એક ખિસકોલીને તેણે દોડી જતી જોઇ.

તે બોલી ઊઠ્યો – ખિસકોલીબહેન, ઊભાં તો રહો ! ક્યાં જાઓ છો ?

ખિસકોલી : ભાઇ, મારું ખાવાનું શોધું છું.
દોડું નહિ તો ભૂખે જ મરું ને !

મોહન : અરે, આ તો પૂંછડી પટપટાવતી દોડી ગઇ !
લાવ, આ ચકલીને રોકું.
અરે ચકલીબાઇ, ઊભાં તો રહો.
આપણે જરા રમીએ.

ચકલી : મારે તો તણખલાંનો માળો બાંધવો છે.
મને જવા દો.

મોહન : આ ચકલી પણ ઊડી ગઈ !
લાવ, પેલી મધમાખીને પૂછું.
અરે મધમાખીબહેન ઊભાં તો રહો. આપણે જરા રમીએ.

મધમાખી : મારે તો ભાઇ, મધ ભેગું કરવું છે.
ને મધમાખી ઊડી ગઈ.

મોહન : શું કોઇ જ નવરું નથી ?
લાવ, આ નદીને જરા ઊભી રાખું.
બિચારી દોડી દોડીને થાકી ગઇ હશે !
નદી, ઓ નદી, જરા ઊભી તો રહે !

નદી : ના રે, ભાઇ !
મારે તો દૂર દરિયા પાસે જવું છે.

મને જવા દો.
ઊંચે સૂરજદાદા હસતા હતા.
મોહન બોલ્યોદ : દાદા, કેમ હસો છો ? ઊભા તો રહો !
સૂરજ : ના રે, ભાઇ !
પછી સવાર, બપોર ને સાંજ શી રીતે થશે ?
મોહન : અરે ! સૂરજદાદા પણ ચાલ્યામ !
કોઇ જ નકામું રખડતું નથી.
મારે પણ કંઇક કરવું જોઇએ.
ચાલ, હું પણ ગાયો ચરાવવા જાઉં.
મોહન ગાયો પાસે દોડી ગયો.

સંકલન : સંસ્કાર